ગુજરાતમિત્ર

# પંચમહાલ-દાહોદ



# બે હૃદયદ્રાવક ઘટનાઓમાં માતાએ જ પાંચ બાળકોનો ભોગ લીધો

## દાહોદમાં બે બાળકોની હત્યા બાદ માતાનો આત્મહત્યાનો પ્રયાસ, હાલ સારવાર હેઠળ

દાહોદ બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) દાહોદ, તા.16
દાહોદ શહેરમાં એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એ ડિવિઝનમાં ફરજ બજાવતા પોલીસકર્મીના પત્નીએ પોતાના બે નાનાં બાળકોની હત્યા કર્યા બાદ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની માહિતી મળી છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. પ્રાથમિક માહિતી મુજબ મહિલાએ પોતાના 7 વર્ષ અને 3 વર્ષના બે બાળકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ ઝેરી દવા પી લીધી હતી. ઘટના અંગે જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું અને મહિલાને તાત્કાલિક ગંભીર હાલતમાં સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હાલમાં તેની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર મામલે દાહોદ બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે. મહિલાએ આ પ્રકારનું કડક પગલું કયા કારણોસર ભર્યું તે અંગે હજી સ્પષ્ટતા થઈ નથી અને પોલીસે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આગળની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ દ્વારા પરિવારિક પરિસ્થિતિ, માનસિક તણાવ અથવા અન્ય સંભવિત કારણો સહિત વિવિધ દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ઘટનાએ શહેરમાં ભારે ચકચાર મચાવી છે.

## દે.બારીયામાં કૌટુંબિક કારણોસર માતાએ ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવ્યું; ૩ બાળકોના મોત



(પ્રતિનિધિ) દાહોદ, તા.16
દે.બારીયા તાલુકાના વડભેટ ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એક માતાએ પોતાના ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ત્રણ માસૂમ બાળકોના દુ:ખદ મોત નિપજ્યા છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. મળતી માહિતી મુજબ વડભેટ ગામે રહેતી ચંપાબેન રાઠવા નામની મહિલાએ કૌટુંબિક કારણોસર ગામના સીમાડે આવેલા કૂવામાં પોતાના ચાર સંતાનો સાથે ઝંપલાવ્યું હતું. ઘટના અંગે જાણ થતાં જ ગામજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને તમામને કૂવામાંથી બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં 12 વર્ષની પુત્રી પ્રિયંકા, 5 વર્ષનો ગિરિરાજ અને 2 વર્ષનો રાજવીરનું કરુણ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે માતા ચંપાબેન અને પુત્રી સવિતાનો બચાવ થતાં તેઓને દેવગઢ બારીયા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. મહિલાએ આ પ્રકારનું આઘાતજનક પગલું કયા કારણોસર ભર્યું તે અંગે હજી સ્પષ્ટતા થઈ નથી.

## સુખસર તાલુકામાં તાલુકા પંચાયતની 18 બેઠકો માટે ત્રિપાંખીઓ જંગ ખેલાશે

સુખસર તથા હડમત તાલુકા પંચાયત બેઠક માટે અપક્ષના ઉમેદવારો એ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું

(પ્રતિનિધિ) સુખસર, તા.16
તાલુકા-જિલ્લા પંચાયતની બેઠકો માટે સુખસર તાલુકામાં અસહ્ય ગરમીની મોસમ થી વધુ ચૂંટણીનો ગરમાવો ચૂંટણી જંગ જીતવા મથતા ઉમેદવારોને દઝાડી રહ્યો છે.અને ચૂંટણી જંગમાં ઝંપલાવનાર તમામ ઉમેદવારો પોતાની જીત નિશ્ચિત હોવાનું મતદારો સમક્ષ નિવેદન આપી રહ્યા છે.તાલુકામાં ભાજપ કોંગ્રેસ તથા આપ પાર્ટી સહિત અપક્ષના ઉમેદવારો દ્વારા પ્રચાર કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.અને મતદારો તમામ ઉમેદવારોને આશ્વાસન પણ આપી રહ્યા છે. તાલુકામાં ત્રિપાંખીયો જંગ ખેલાનાર હોય હાલ કયા ઉમેદવારની જીત નિશ્ચિત હશે તેનું અનુમાન અશક્ય જણાય છે.પરંતુ કેટલીક બેઠકો ઉપર અગાઉના ચૂંટણી પરિણામોની દ્રષ્ટિએ ફેરફાર થાય તેવા એંધાણ જણાઈ રહ્યા છે.સુખસર તાલુકામાં તાલુકા પંચાયતની 18 બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ તથા આપ પાર્ટીની તમામ બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે.તેમજ સુખસર તથા હડમતની બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારો એ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.જ્યારે તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત બેઠકો માટે ભાજપ,કોંગ્રેસ તથા આપ પાર્ટીના ઉમેદવારોએ ઉમેદવારી કરેલ છે.ચૂંટણી જંગમાં ઝંપલાવનાર ઉમેદવારો બાહ્ય પ્રચાર કરતા આંતરિક પ્રચારને વધુ વેગ આપી રહ્યા છે.ત્યારે દાયકાઓથી ચૂંટણી વચનોથી પરિચિત એવી પ્રજા તમામ ઉમેદવારોને મત આપી વિજયી બનાવવા ઠાલા આશીર્વાદ આપી રહી છે.જ્યારે ચૂંટણી જંગમાં ઝંપલાવનાર ઉમેદવારો પ્રજાને કદાચ સામ-દામ-દંડ અને ભેદ નીતિ અપનાવી મત મેળવવાની કોશિશ કરશે પરંતુ તેના કરતાં વધારે આ ઉમેદવારોને પોતાનો હરીફ ઉમેદવાર હાર તરફ ધકેલી નહીં દે તે પ્રત્યે વધુ ધ્યાન રાખી રહ્યા હોવાનું પણ જોવા મળે છે.જોકે તાલુકામાં આગામી ચૂંટણીઓ સમયે પ્રચારમાં જે ગતિ જોવા મળતી હતી તેમાં હાલના સમયે કમી જોવા મળી રહી છે.

## કાલોલના કાનોડ ગામે ખેતરમાં ગાયો ચરાવવા બાબતે પિતા-પુત્ર પર હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.16
કાલોલ તાલુકાના કાનોડ ગામે પોતાના ખેતરમાં ગાયો ચરાવવાની ના પાડતા પશુપાલકે ઉશ્કેરાઈ જઈ પિતા-પુત્ર પર લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ મામલે ઈજાગ્રસ્ત યુવકે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નાની કાનોડ ખાતે રહેતા કલ્પેશકુમાર મંગળસિંહ ચૌહાણ ગત રવિવારે તેમના પિતા સાથે કેનાલ પાસે આવેલા પોતાના બાજરીના ખેતરમાં ગયા હતા. આ દરમિયાન કાનોડ ખાતે રહેતા રૂપલાભાઈ ભરવાડ નામનો શખ્સ પોતાની ગાયો આ ખેતરમાં ચરાવી રહ્યો હતો. કલ્પેશકુમારે ₹અમારા ખેતરમાં ગાયો કેમ ચરાવો છો? તેમ કહી ટોકતા જ પશુપાલક રૂપલાભાઈ એકાએક ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીએ ઉશ્કેરાઈને પિતા-પુત્રને બિભત્સ ગાળો આપી હતી અને પોતાની પાસે રહેલી લાકડી વડે કલ્પેશકુમાર પર હુમલો કરી દીધો હતો. લાકડીના ફટકા વાગવાથી કલ્પેશકુમારને જમણા હાથે અને પગે ઈજાઓ પહોંચી હતી. પુત્રને બચાવવા વચ્ચે પડેલા પિતા મંગળસિંહને પણ આરોપીએ છોડ્યા નહોતા અને તેમને પણ બરડાના ભાગે લાકડીના ફટકા માર્યા હતા. હુમલા બાદ આરોપીએ પિતા-પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા કલ્પેશકુમારે સારવાર મેળવ્યા બાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં બનાવ અંગેની આપવીતી જણાવી હતી.

### ચેકની રકમ દિન-30માં વળતર તરીકે ચુકવવા પણ હુકમ કર્યો

## દાહોદમાં ચેક બાઉન્સના કેસમાં ગોધરા રોડના શખ્સને એક વર્ષની સાદી કેદની સજા

સમાધાન પેટે આપેલો ચેક બાઉન્સ થતા કોર્ટમાં કેસ દાખલ થયો હતો

(પ્રતિનિધિ) દાહોદ, તા.16
દાહોદ શહેરના ગોધરા રોડ ઉપર રહેતા એક સામે કોર્ટમાં ક્રિમિનલ કેસ દાખલ થયો હતો આ કેસમાં સમાધાન થતા ૧ લાખ રોકડા અને ચાર લાખના ચેક આપ્યા હતા આ આપેલા ચેક બાઉન્સ થતા ગોધરા રોડના રહીશ વિરુદ્ધ દાહોદ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા તેમાં આરોપી જયેશ રામગોપાલ અગ્રવાલ ને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અંતર્ગત તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા નો હુકમ ફરમાવતા શહેરમાં ચકચાર મચી છે મળતી માહિતિ મુજબ દાહોદ શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં રહેતા મીરાબેન રમેશચંદ્ર અગ્રવાલે ગોધરા રોડ ઉપર રહેતા જયેશભાઈ રામગોપાલ અગ્રવાલ વિરુદ્ધ ૨૦૨૧ માં ક્રિમિનલ કેસ દાખલ કર્યો હતો.

આ કેસમાં વર્ષ ૨૦૨૪માં સમાધાન થયું હતું સમાધાન પેટે જયેશ અગ્રવાલ એ ૧,૦૦,૦૦૦ રોકડા અને એક એક લાખના ચાર ચેક મીરાબેન ને આપ્યા હતા ત્યારબાદ મીરાબેને, જયેશભાઈ અગ્રવાલ એ આપેલા ચેક બેંકમાં રજૂ કરતા બેંક ઓફ ઈન્ડિયાએ જયેશભાઈ નું ખાતું બંધ હોવાના સેરા સાથે ચેક પરત કર્યો હતો.

ત્યારબાદ મીરાબેને દાહોદ કોર્ટમાં કેદ દાખલ કર્યો હતો આ કેસ ચાલી જતા જજે આરોપી જયેશભાઈ રામગોપાલ અગ્રવાલને ક્રિમિનલ પ્રોસિજર કોડ ની કલમ ૨૫૫ સહિતની કલમો અંતર્ગત ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા નો હુકમ ફરમાવ્યો છે તેમજ ચેક ની રકમ દીન ૩૦ માં વળતર તરીકે ચુકવવા પણ હુકમ કર્યો છે.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં ૨૮૧ કોલેજો માટે GCAS અંતર્ગત ટેકનિકલ તાલીમ કાર્યક્રમ સંપન્ન



ગોધરા : ગોધરાના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ની પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માટે GCAS ની ટેકનિકલ ટ્રેનિંગનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો.ડો.હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન અને કુલસચિવ અનિલભાઈ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયેલા આ તાલીમ કાર્યક્રમમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી કુલ ૨૮૧ વિવિધ કોલેજોના આચાર્યો તેમજ ટેકનિકલ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

### પોલીસ પરિવારમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી મુલાકાત કરાઇ

## સુખસરમાં PI એમ. એમ. રાઠોડનું ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સન્માન



(પ્રતિનિધિ) સુખસર,તા.16
દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના સુખસર પોલીસ સ્ટેશનમાં નવા પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ચાર્જ સંભાળનાર એમ.એમ રાઠોડની ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટરનું ફૂલહાર અને મોમેન્ટો આપી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જિલ્લામાં યોગના પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિ માટે સતત પ્રયાસો કરવામાં આવે છે.આ અંતર્ગત સુખસર પોલીસ સ્ટેશનના નવા જવાબદારી સંભાળતા પી.આઇ રાઠોડના આગમનને વધાવવા માટે યોગ બોર્ડના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ મુલાકાતનો મુખ્ય હેતુ વહીવટી તંત્ર અને યોગ બોર્ડ વચ્ચેના સંકલનને મજબૂત કરવાનો અને પોલીસ પરિવારમાં પણ યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ સન્માન પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યો દાહોદ જિલ્લા યોગ કો ઓર્ડીનેટર ધુળાભાઈ પારગી યોગ કોચ શંકરભાઈ કટારા સુખસર તાલુકાના યોગ ટ્રેનર. ફતેપુરા તાલુકાના યોગ ટ્રેનર. મુલાકાત લેવામાં આવી હતી.મુલાકાત દરમ્યાન યોગ બોર્ડની ટીમે પી.આઈ રાઠોડને તેમની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### દાહોદ નગરપાલિકાની ચૂંટણી માટે અંતિમ દિવસે ૭ ઉમેદવારી ફોર્મ પરત ખેંચાયા

## ઉમેદવારી પત્ર ખેંચવાનો અંતિમ દિવસ તમામ પાર્ટી માટે દોડધામ ભર્યો રહ્યો

તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.16
ઉમેદવારી પત્ર ખેંચવાની અંતિમ તારીખે દાહોદ નગરપાલિકામાં ૭ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. જેમાં વોર્ડ નંબર ૨ માં હરિશ ભાઈ જગમોહન દીવાકર, વોર્ડ નંબર ૩માં મીનાક્ષીબેન પૂનમભાઈ નીનામા, ઈસ્તિયાક સૌકતઅલી સૈયદ, વોર્ડ નંબર ૫ માં જેરીકાબેન મનોજકુમાર ચૌહાણ, વોર્ડ નંબર ૭ માં સોનલબેન સતિષભાઈ પરમાર તેમજ વોર્ડ નંબર ૯ માં ગીતાબેન જીતેન્દ્રભાઈ રાઠોડ એમ ભાજપના ઉપરોક્ત ૭ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે જ્યારે વોર્ડ નંબર ૬ માં કોંગ્રેસના ઉમેદવાર એહમદ ચાંદ પણ બિનહરી ચૂંટાયેલા જાહેર થયા છે. દાહોદ નગરપાલિકામાં કુલ ૩૬ બેઠકો પૈકી સાત બેઠક બિનહરીફ થતા હવે ૨૯ જેટલી બેઠકો પર રસાકસી ભર્યો જંગ જામશે તે નિશ્ચિત છે. ઉમેદવારી પત્ર ખેંચવાનું આજનો અંતિમ દિવસ તમામ રાજકીય પાર્ટી માટે દોડધામ ભર્યો રહ્યો હતો. તમામ પાર્ટીઓ પોતાના ઉમેદવારને સાચવવા આકાશ પાતાળ એક કરવામાં જોતરાઈ હતી. તેમ છતાં આજે સત્તાધારી ભાજપમાંથી એક ઉમેદવારે કોઈ કારણસર પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી લીધું હતું. જ્યારે કોંગ્રેસ આમ આદમી પાર્ટી તેમજ અપક્ષમાંથી કુલ પાંચ જણાએ પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી લીધાં હતાં. દાહોદ નગરપાલિકાના ઈતિહાસમાં સ્થાપના થી માંડી અત્યાર સુધી માં ઘણી ચૂંટણીઓ થઈ પરંતુ પોતાના ઉમેદવારોને સાચવવા આ વખતે રાજકીય પક્ષોને જેટલી મસક્કત કરવી પડી છે એટલી ક્યારેય પણ કરવી પડી હતી. આ વખતે ઉમેદવારી પત્ર પરત ખેંચાવવા સામ દામ, દંડ અને ભેદની નીતિ રીતે નો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

### ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ બાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ

## હાલોલ તાલુકા પંચાયતની 3 બેઠકો ભાજપ બિનહરીફ, બાકી બેઠકો પર ત્રિપાખીયો જંગ

(પ્રતિનિધિ) હાલોલ, તા.16
હાલોલ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ પૂર્ણ થતાં તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની બેઠકો માટેનું અંતિમ ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

હાલોલ તાલુકા પંચાયતની કુલ 24 બેઠકો માટે 77 ઉમેદવારી પત્રો ભરાયા હતા. ચકાસણી દરમિયાન 18 ઉમેદવારી પત્રો અમાન્ય ઠરતાં 59 ઉમેદવારો માન્ય રહ્યા હતા. ત્યારબાદ ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખે વધુ 3 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતાં હવે કુલ 56 ઉમેદવારો મેદાને રહ્યા છે. તેમાંથી કંજરી, સાથરોટા અને ઘનસર એમ ત્રણ બેઠકો પર અન્ય ઉમેદવારોના ફોર્મ ચકાસણી દરમિયાન અમાન્ય ઠરતાં ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. જેમાં કંજરી બેઠક પરથી શાંતાબેન સબુરભાઈ રાઠવા, સાથરોટા બેઠક પરથી અરવિંદભાઈ વજેસિંહ રાઠવા,ઘનસર બેઠક પરથી વિદ્યાબેન રમેશભાઈ પરમાર, બિનહરીફ ચૂંટાયા હોવાનું જાહેર થયું છે. બાકી રહેલી 21 બેઠકો માટે કુલ 53 ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે. જેમાં 21 ભાજપ, 16 કોંગ્રેસ, 15 આમ આદમી પાર્ટી અને 1 અપક્ષ ઉમેદવાર મેદાને છે. જેના કારણે તાલુકા પંચાયતની આ બેઠકો પર રસપ્રદ અને ત્રિપાખીયો ચૂંટણી જંગ જામવાનો છે તેવી લોકચર્ચા ચાલી રહી છે. જિલ્લા પંચાયતની હાલોલ તાલુકાની 5 બેઠકો માટે પણ અંતિમ ચિત્ર સ્પષ્ટ બન્યું છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના 5-5 ઉમેદવારો મળી કુલ 15 ઉમેદવારો મેદાને છે. પરિણામે જિલ્લા પંચાયતની પાંચેય બેઠકો પર ત્રિપાખીયો મુકાબલો નિશ્ચિત બન્યો છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026- પંચમહાલ

## વિવિધ સ્વીપ પ્રવૃત્તિઓમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ભાગીદારી



(પ્રતિનિધિ) ગોધરા,તા.16
પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬ માં જિલ્લાના નાગરિકોની ભાગીદારી વધે અને ખાસ કરીને યુવા મતદારો જાગૃત બને તેવા ઉમદા આશય સાથે જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિવિધ સ્વીપ પ્રવૃત્તિઓના માધ્યમથી પરિણામલક્ષી પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. ચૂંટણી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાની વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે, જેમાં વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિ માટેની તમામ પ્રવૃત્તિઓમાં ઉત્સાહ સાથે જોડાઈને લોકજાગૃતિ પ્રસારી રહ્યા છે. આ અભિયાન હેઠળ વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

## અખાત્રીજના પર્વે બાળલગ્નો પર જિલ્લા વહીવટી તંત્રની રહેશે બાજ નજર

પંચમહાલમાં બાળલગ્ન કરાવનારા સાવધાન! ગોર મહારાજ, કેટરર્સ અને બેન્ડવાજાવાળા સામે પણ નોંધાશે ગુનો

(પ્રતિનિધિ) ગોધરા, તા.16
પંચમહાલ જિલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે, જેમાં ખાસ કરીને અખાત્રીજ (અક્ષયતૃતીયા) ના પવિત્ર દિવસે મોટા પ્રમાણમાં લગ્નો યોજાતા હોય છે. આ સમયગાળા દરમિયાન જિલ્લામાં ક્યાંય પણ બાળલગ્ન ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા કડક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, માત્ર માતા-પિતા જ નહીં પરંતુ બાળલગ્નમાં સામેલ થનાર તમામ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેમાં લગ્ન કરાવનાર ગોર મહારાજ (બ્રાહ્મણ),રસોઈ બનાવનાર,કેટરર્સ,મંડપ ડેકોરેશન અને ફોટોગ્રાફર,બેન્ડવાજા અને સાઉન્ડ સિસ્ટમ વાળા સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.આ તમામ લોકોએ લગ્ન કરતા પહેલા વર-કન્યાની વય મર્યાદા (યુવકની ૨૧ વર્ષ અને યુવતીની ૧૮ વર્ષ) ની ખાતરી કરવી અનિવાર્ય છે. જો કોઈ પણ સ્તરે બાળલગ્ન થતા હોવાનું જણાશે, તો આ તમામ સહયોગીઓ સામે પણ ગુનો દાખલ કરવામાં આવશે. 'બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬' મુજબ બાળલગ્ન કરાવવા, સહાય કરવી કે તેમાં સામેલ થવું એ ગુનો છે. આ ગુના હેઠળ ૨ વર્ષની સખત જેલની સજા અને રૂ. ૧ લાખ સુધીના દંડની જોગવાઈ છે. જિલ્લામાં કોઈ પણ જગ્યાએ બાળલગ્નો યોજાવાની શક્યતા હોય અથવા થતા હોય, તો તાત્કાલિક જિલ્લા સમાજ સુરક્ષા ની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ચાઈલ્ડ હેલ્પ લાઈન: ૧૦૯૮,અભયમ હેલ્પ લાઈન: ૧૮૧,પોલીસ કંટ્રોલ રૂમ: ૧૦૦ પર તાત્કાલિક જાણ કરવા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ગોધરાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.